## જીપેરી સંસ્થા માં રોડ સેફટી અવેરનેસ સેમિનાર નું આયોજન કરાયું

ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GPERI) દ્વારા,ગુજરાત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિ. (GRICL) ના સહયોગથી 1લી ફેબ્રુઆરી 2025 ના રોજ રોડ સેફ્ટી અવેરનેસ સેમિનારનું આયોજન કર્યું હતું. સેમિનારનો હેતુ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી, ટ્રાફિક નિયમનો અને અકસ્માત નિવારણ માટેની શ્રેષ્ઠ પદ્ધતિઓ વિશે શિક્ષિત કરવાનો હતો.

GRICL ના સેફ્ટી ઓફિસર શ્રી ઈરફાન સિંધીએ ટ્રાફિક નિયમો, જોખમની ઓળખ અને સુરક્ષિત માર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરવામાં સિવિલ એન્જિનિયરોની ભૂમિકા સહિત, માર્ગ સલામતીના મુખ્ય પાસાઓને આવરી લેતું સમજદાર વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી કુપમ પ્રણિત, મેન્ટેનન્સ એન્જિનિયર, GRICL એ પણ સલામત રસ્તાઓ બનાવવા માટે એન્જિનિયરો અને યુવા મનની જવાબદારી અને મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સેમિનાર માં સારી રીતે પરસ્પર ચર્ચાઓ થઇ હતી, જેમાં વિદ્યાર્થીઓએ ચર્ચાઓ અને પ્રશ્નો માં સક્રિયપણે ભાગ લીધો હતો. અંતમાં તમામ સહભાગીઓ દ્વારા સલામતીની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

સેમિનારે વિદ્યાર્થીઓની માર્ગ સલામતીનાં પગલાં અંગેની જાગરૂકતા સફળતાપૂર્વક વધારી, સુરક્ષિત પરિવહન પ્રણાલી ડિઝાઇન કરવામાં, ભાવિ ઇજનેરો તરીકેની તેમની જવાબદારી પર ભાર મૂક્યો.

આ કાર્યક્રમનું સંકલન પ્રો. સદાનંદ સાહુ દ્વારા, સિવિલ એન્જિનિયરિંગ વિભાગ ના વડા ડો. સંદિપ ત્રિવેદી અને GPERI-GTUના પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સંસ્થા ના સિવિલ એન્જીનીયરીંગ વિભાગ તથા એન. એસ. એસ. વિભાગ દ્વારા આ સંપૂર્ણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી નાં કુલપતિ ડો. રાજુલ કે. ગજ્જર મેડમ તથા કુલસચિવ ડૉ. કે. એન. ખેર દ્વારા સંસ્થા ને અભિનંદન પાઠવવા માં આવ્યા હતા..